# ગાંધીનગર શહેરના પ્રથમ ચાલીસ તેજસ્વી વિદ્યાર્થીઓ...



# ધો -૧૦માં ગાંધીનગર કેન્દ્રનું ૮૦.૯૭ ટકા પરિણામ

**જિલ્લામાં એ વન ગ્રેડમાં ૧૯૧ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ ગાંધીનગર શહેરના : સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલનો વિદ્યાર્થી અનુજ બારોટ ટોપર્સની યાદીમાં મોખરે : માઉન્ટ કાર્મેલ શાળાના ૨૫, સેન્ટ ઝેવિયર્સના ૨૧, કુડાસણ સ્કુલ ઓફ અચિવરના ૧૯ વિદ્યાર્થીઓ ટોપર્સની યાદીમાં : ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરનુ ૯૮ ટકા પરિણામ**

**જિલ્લાના તમામ કેન્દ્રો પૈકી મોટેરા કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ ૮૬.૪૪ જયારે શેરથા કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ ૪૭.૧૬ : ગત વર્ષની સાપેક્ષમાં સોજા કેન્દ્રનુ પરિણામ ૩૯.૯૭ ટકા વદ્યુ જયારે કડજોદરા કેન્દ્રનુ પરિણામ ૩૦.૩૩ ટકા ઘટયુ**

ગાંધીનગર તા ૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ -૧૦ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાયુ હતુ. ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૦.૯૭ ટકા આવ્યુ છે. જયારે જિલ્લાના તમામ કેન્દ્રો પૈકી સૌથી વધુ પરિણામ મોટેરા કેન્દ્રનુ રહયુ છે. મોટેરા કેન્દ્રનુ પરિણામ ૮૬.૪૪ ટકા આવ્યુ છે. જયારે સૌથી ઓછુ પરિણામ શેરથા કેન્દ્રનુ ૪૭.૧૬ ટકા છે. ગાંધીનગર કેન્દ્રમાંથી ૫૩૨૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે આ પૈકી ૫૩૦૨ વિદ્યાર્થીઓને પરિક્ષામાં સફળતા મળી છે. જિલ્લામાંથી ૧૯૧ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જયારે આ પૈકી ૧૪૦ જેટલા ગાંધીનગર કેન્દ્રના વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. શહેરની સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ શાળાનુ પરિણામ ૧૦૦ ટકા જયારે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનુ ૯૯.૦૬ ટકા તેમજ સહજાનંદ સ્કુલ ઓફ અચિવરનુ પરિણામ પણ ૯૮.૦૭ ટકા જેટલુ ઉંચુ રહયુ છે. નગરની માઉન્ટ કાર્મેલ શાળાનુ પરિણામ ૯૭.૭૭ ટકા અને ૨૫ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે સેન્ટ ઝેવિયર્સ શાળાના ૨૧ વિદ્યાર્થીઓ તેમજ કુડાસણ સ્કુલ ઓફ અચિવરના ૧૯ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૦નુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો હતો . પરિણામ ધારણા કરતા ઉંચુ આવતા પરિક્ષાર્થીઓ સહીત વાલીઓએ પણ હાંશકારો અનુભવ્યો હતો. ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૭૦.૨૩ ટકા આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લામાંથી ૧૯૧ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ પણ ૮૦.૯૭ ટકા આવ્યુ છે. ગાંધીનગર કેન્દ્રમાંથી નોંધાયેલા ૫૩૨૩ વિદ્યાર્થીઓ પૈકી ૫૩૦૨ પરીક્ષામાં હાજર રહયા હતા. ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૦.૨૯ ટકા જેટલુ નીચુ આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લાના મોટેરા કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ ૮૬.૪૪ ટકા રહયુ છે. આ કેન્દ્ર પરથી ૮૦૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે કડજોદરા કેન્દ્રનુ પરિણામ ગત વર્ષે ૯૪.૧૬ ટકા રહયુ હતુ. જયારે ગત વર્ષની સાપેક્ષમાં આ કેન્દ્રનુ પરિણામ ૬૩,૮૩ ટકા રહયુ છે. ગત વર્ષની સાપેક્ષમાં આ કેન્દ્રના પરિણામમાં ૩૦.૩૩ ટકાનો ઘટાડો થયો છે. મુબારકપુર કેન્દ્રનુ પરિણામ પણ ૫૨.૧૫ ટકા જેટલુ નીચુ આવ્યુ છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૨૬.૭૪ ટકા જેટલુ ઓછુ આવ્યુ છે. આ ઉપરાંત સોજા કેન્દ્રના પરિણામમાં ૩૯.૯૭ ટરાનો વધારો થયો છે. આ કેન્દ્રનુ પરિણામ ૭૪.૩૪ ટકા આવ્યુ છે. જયારે બહિયલ કેન્દ્રનુ પરિણામ પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧૧.૯૭ ટકા વધુ આવ્યુ છે. મગોડી કેન્દ્રના પરિણામમાં પણ ૨૩.૦૮ ટકાનો ઘટાડો થયો છે. ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓનુ પરિણામ ઉંચુ રહયુ છે. જયારે જિલ્લામાં એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના શહેરની શાળાઓના છે. નગરની સ્વામિનારાયણ હાઈસ્કુલ શાળાનુ પરિણામ ૧૦૦ ટકા રહયુ છે. જયારે માઉન્ટ કાર્મેલ શાળાના ૨૫ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. શહેરની સેન્ટ ઝેવિયર્સ શાળાના ૨૧ વિદ્યાર્થીઓ જયારે કુડાસણ સ્કુલ ઓફ અચિવરના પરિણામ ૯૫.૧૭ ટકા સાથે ૧૯ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં સ્થાન પામ્યા છે. ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરે પણ ૯૮ ટકા પરિણામ મેળવ્યુ છે. જયારે આ સંસ્થાના ૩ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. અંગ્રજી માધ્યમનુ પરિણામ ૧૦૦ ટકા રહયુ છે. ગણિતના અઘરા પ્રશ્નપત્ર બાદ પરિણામના અંતે શહેરના ટોપર્સે વિદ્યાર્થીઓ ધાર્યા પ્રમાણે ગુણ મેળવ્યા હોવાનો સંતોષ પણ વ્યકત કર્યો હતો.

## જિલ્લાની એક શાળાનુ ૦ ટકા અને ૧૨નુ ૩૦ ટકા નીચે પરિણામ

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર થયેલા ધોરણ -૧૦ ના પરિણામના અંતે ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૦.૨૯ ટકા ઓછુ રહયુ હતુ. જયારે ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં પરિણામનુ સ્તર ગત વર્ષની સાપેક્ષમાં સુધર્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષે ૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩ હતી. જયારે આ વર્ષે માત્ર ૧ જ શાળા છે. આ ઉપરાંત ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ગત વર્ષે ૧૪ હતી જયારે આ વર્ષે ૨૦ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ હાંસલ કર્યુ છે. જયારે ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ગત વર્ષે ૩૦ હતી જયારે આ વર્ષે માત્ર ૧૨ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી ઓછુ છે.

## શિક્ષકોમાં શ્રધ્ધા હોય તો સારુ પરિણામ આવે : અનુજ બારોટ

સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થી અનુજ બારોટે શહેરમાં ટોપર્સની યાદીમાં મોખરાનુ સ્થાન મેળવ્યુ છે. અનુજે ૬૦૦ માંથી ૫૮૫ જેટલા ગુણ મેળવી ૯૭.૫ ટકા પ્રાપ્ત કર્યા છે.પરિણામથી



ખુશ અનુજે મોટીબહેનની જેમ ડોકટર બનવાની ખેવના વ્યકત કરી છે. અનુજ તેમના પિતા પ્રકાશભાઈ અને કીશોરસરને આદર્શ માને છે. વાંચન અને કેલીગ્રાફીનો શોખ ધરાવતા અનુજના અક્ષર પણ સુંદર છે. અનુજે ગણિતમાં ૯૮ , વિજ્ઞાનમાં ૯૯, સંસ્કૃતમાં ૯૯ ગુણ મેળવ્યા છે. જયારે શિક્ષકોમાં વિદ્યાર્થીને શ્રધ્ધા હોવી જોઈએ તેમ મજબુત રીતે માનતા આ તેજસ્વીને ગણિતનુ પેપર પણ કીશોરસરની ટ્રીકના લીધે સરળ લાગ્ય હોવાનુ પણ તેણે જણાંવ્યુ છે. સારા પરિણામ માટે મહેનત અને રીવીઝન સિવાય કોઈ વિકલ્પ નથી તેમ જણાંવતા અનુજે રોજ ૮ કલાકની મહેનતની સાથે ટયુશન શિક્ષક કીશોરસરના માર્ગદર્શનના આધારે ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યુ હોવાનો એકરાર પણ તેણે કર્યો છે. અનુજના માતા પ્રિયાબેન પણ પુન્દ્રાસણ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.

## કંઈ શાળાનું કેટલુ પરિણામ

| શાળાનુ નામ | કુલ બેઠા | કેટલા પાસ | શાળાનું પરિણામ | એ-૧ ગ્રેડમાં કેટલા |
|---|---|---|---|---|
| સ્વામિનારાયણ ગુરૂકુળ | ૪૨ | ૪૨ | ૧૦૦ | ૬ |
| અંધશાળા | ૭ | ૭ | ૧૦૦ | - |
| ઈન્ફોસીટી સ્કૂલ | ૧૦૫ | ૧૦૪ | ૯૯.૦૬ | ૭ |
| સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર ગુજ. માધ્યમ ચિલોડા | ૫૨ | ૫૧ | ૯૮.૦૭ | ૩ |
| માઉન્ટ કાર્મેલ સ્કૂલ | ૨૨૪ | ૨૧૯ | ૯૭.૭૭ | ૨૫ |
| સેન્ટ ઝેવિયર્સ | ૨૦૧ | ૧૯૪ | ૯૬.૫૧ | ૨૧ |
| પ્રેમધારા | ૨૭ | ૨૬ | ૯૬.૨૯ | - |
| રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ | ૨૭ | ૨૬ | ૯૬.૨૯ | - |
| આદર્શ નિવાસી શાળા | ૨૬ | ૨૫ | ૯૬.૧૫ | - |
| એમ.બી. ઈંગ્લિશ મી. સ્કૂલ | ૨૪૯ | ૨૩૮ | ૯૫.૫૮ | ૧૦ |
| સ્કૂલ ઓફ એચીવર કુડાસણ | ૩૧૧ | ૨૯૬ | ૯૫.૧૭ | ૧૯ |
| વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | ૨૩ | ૨૨ | ૯૫ | - |
| સ્વામિનારાયણ ધામ | ૧૩૧ | ૧૨૩ | ૯૩.૮૯ | ૧ |
| આર.જી. કન્યા વિદ્યાલય | ૩૪૯ | ૩૨૫ | ૯૩.૧૨ | ૫ |
| સ્વામિનારાયણ હાઈસ્કૂલ | ૩૫૪ | ૩૧૯ | ૯૦.૧૧ | ૧૧ |
| પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય | ૬૦ | ૫૪ | ૯૦ | ૩ |
| જે.એમ. ચૌધરી (ગ્રાન્ટેડ) | ૨૬૯ | ૨૪૧ | ૮૯.૮૫ | - |
| આર.સી. પટેલ હાઈસ્કૂલ | ૩૩૪ | ૨૯૮ | ૮૯.૨૨ | ૧ |
| ગાંધી. ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ | ૪૭ | ૪૨ | ૮૯ | - |
| જે.એમ. ચૌધરી ઈ. માધ્યમ | ૨૨ | ૧૯ | ૮૬.૩૭ | ૧ |
| જે.એમ. ચૌધરી નોન ગ્રાન્ટેડ | ૧૦૧ | ૮૭ | ૮૬.૧૩ | - |
| સી.એમ. વિદ્યાલય | ૪૬૪ | ૩૯૬ | ૮૫.૩૬ | ૭ |
| આરાધના વિદ્યાવિહાર (નોન ગ્રાન્ટેડ) | ૧૧૦ | ૮૧ | ૮૨.૨૯ | - |
| એસ.એસ.વી. કેમ્પસ | ૨૩૦ | ૧૮૨ | ૭૯.૦૧ | ૪ |
| ગોપાલક સ્કૂલ | ૫૭ | ૪૫ | ૭૮.૯૪ | - |
| જયપ્રકાશ વિદ્યાલય | ૫૯ | ૪૨ | ૭૧.૧૮ | - |
| વસંતકુંવરબા સ્કૂલ | ૧૩૦ | ૯૧ | ૭૦.૦૦ | - |
| ક્રિષ્ણા સ્કૂલ ઓફ સાયન્સ | ૧૦ | ૭ | ૭૦.૦૦ | |
| આરાધના વિદ્યાવિહાર (ગ્રાન્ટેડ) | ૨૨૦ | ૧૩૩ | ૬૭ | - |
| પ્રેરણા વિદ્યાલય | ૪૫ | ૨૯ | ૬૪.૪૪ | - |
| સરસ્વતી વિદ્યાલય | ૪૬ | ૨૯ | ૬૩.૦૪ | - |
| વિવેકાનંદ વિદ્યાલય, સે. ૧૨ | ૧૬ | ૧૦ | ૬૨.૦૫ | - |
| માતંગી વિદ્યાલય | ૨૦ | ૧૨ | ૬૦.૦૦ | - |
| શારદા વિદ્યાલય | ૪૫ | ૨૭ | ૬૦.૦૦ | - |
| શાંતિનિકેતન | ૨૨ | ૧૩ | ૫૯.૦૦ | - |
| ઓમકાર વિદ્યાલય | ૩૧ | ૧૬ | ૫૧.૭૦ | - |
| દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ | ૪૪ | ૨૨ | ૫૦.૦૦ | - |
| મહાત્મા ગાંધી વિદ્યાલય | ૩૧ | ૧૩ | ૪૧.૯૪ | - |
| સરદાર પટેલ વિદ્યાલય | ૯૫ | ૩૯ | ૪૧.૦૫ | - |
| વસંત માધ્યમિક શાળા | ૩૧ | ૧૦ | ૩૩.૦૦ | - |
| તક્ષશિલા | ૨૬ | ૧ | ૩.૮૪ | - |

## શહેરના ટોપર્સ (પ્રથમ ચાલીસ તારલા)

| | | | |
|---|---|---|---|
| ૧. | અનુજ પી. બારોટ | ૫૮૫ | સ્વામિનારાયણ હાઈસ્કુલ |
| ૨. | શ્રેય કે. મહેતા | ૫૭૮ | માઉન્ટ કાર્મેલ |
| ૩. | વિશ્વજીતસિંહ જોધ્ધા | ૫૭૭ | માઉન્ટ કાર્મેલ |
| ૪. | વ્યોમ હરેશ પટેલ | ૫૭૫ | સ્કુલ ઓફ એચીવર |
| ૫. | લય દિનેશકુમાર પટેલ | ૫૭૪ | સેંટ ઝેવિયર્સ |
| ૫. | કેયા હરશે પટેલ | ૫૭૪ | આર.જી. કન્યા વિદ્યાલય |
| ૫. | શુભમ એ. ભટ્ટ | ૫૭૪ | સ્વામિનારાયણ હાઈસ્કુલ |
| ૫. | દેવાંગના એમ. મકવાણા | ૫૭૪ | ઈન્ફોસીટી સ્કુલ |
| ૬. | સંસ્કૃતિ એમ. શાહ | ૫૭૩ | માઉન્ટ કાર્મેલ |
| ૭. | ધનશ્રી કે. પટેલ | ૫૭૨ | એસ.એસ.વી. કેમ્પસ |
| ૭. | મંઝલ એસ. સેન | ૫૭૨ | માઉન્ટ કાર્મેલ |
| ૭. | શિવાંગ એસ. ચાવડા | ૫૭૨ | સ્વામિનારાયણ હાઈસ્કુલ |
| ૮. | સાક્ષી સી. રાજપુરોહિત | ૫૭૧ | માઉન્ટ કાર્મેલ |
| ૯. | જય ભેંસડીયા | ૫૭૦ | માઉન્ટ કાર્મેલ |
| ૯. | સરફોઝ શેખ | ૫૭૦ | એમ.બી. પટેલ ઈંગ્લીંશ મીડીયમ |
| ૧૦. | કૃપાલી બી. પટેલ | ૫૬૯ | એમ.બી. પટેલ ઈંગ્લીંશ મીડીયમ |
| ૧૦. | ઝીલ ચારેલ | ૫૬૯ | સ્વામિનારાયણ ધામ |
| ૧૧. | આદિત્ય પી. જોષી | ૫૬૮ | સેંટ ઝેવિયર્સ |
| ૧૧. | ધ્યેય એમ. પટેલ | ૫૬૮ | સ્કુલ ઓફ એચીવર |
| ૧૧. | કુશ બી. પટેલ | ૫૬૮ | સ્કુલ ઓફ એચીવર |
| ૧૨. | ખુશાલી બી. વૈદ્ય | ૫૬૭ | એમ.બી. પટેલ ઈંગ્લીંશ મીડીયમ |
| ૧૩. | નિસર્ગ કે. પટેલ | ૫૬૬ | સેંટ ઝેવિયર્સ |
| ૧૩. | યશ એમ. જયસ્વાલ | ૫૬૬ | સ્કુલ ઓફ એચીવર |
| ૧૪. | નિલ જી. મહેતા | ૫૬૫ | સેંટ ઝેવિયર્સ |
| ૧૪. | મૈત્રી ડી. મહેતા | ૫૬૫ | આર.જી. કન્યા વિદ્યાલય |
| ૧૪. | નમન એમ. સેથિયા | ૫૬૫ | માઉન્ટ કાર્મેલ |
| ૧૫. | દેવકુમાર પટેલ | ૫૬૪ | માઉન્ટ કાર્મેલ |
| ૧૫. | શ્રેય આર. પ્રજાપતિ | ૫૬૪ | એમ.બી. પટેલ ઈંગ્લીંશ મીડીયમ |
| ૧૬. | કૃપા ડી. ઠક્કર | ૫૬૩ | સેંટ ઝેવિયર્સ |
| ૧૬. | ચાર્મી શાહ | ૫૬૩ | માઉન્ટ કાર્મેલ |
| ૧૬. | ધ્રુવીલ પટેલ | ૫૬૩ | માઉન્ટ કાર્મેલ |
| ૧૬. | દિપ એન. પટેલ | ૫૬૩ | એમ.બી. પટેલ ઈંગ્લીંશ મીડીયમ |
| ૧૭. | નૈયા જી. પટેલ | ૫૬૨ | સ્કુલ ઓફ એચીવર |
| ૧૭. | પાર્થિવ આચાર્ય | ૫૬૨ | સ્કુલ ઓફ એચીવર |
| ૧૭. | પંક્તિ પી. ભટ્ટ | ૫૬૨ | એમ.બી. પટેલ ઈંગ્લીંશ મીડીયમ |
| ૧૭. | કથન ડી. પટેલ | ૫૬૨ | આર.સી. પટેલ સ્કુલ |
| ૧૮. | દેવયાની પટેલ | ૫૬૧ | સ્વામિનારાયણ ગુરુકુળ ટાવર બિલ્ડીંગ |
| ૧૮. | મિહિર સોલંકી | ૫૬૧ | ઈન્ફોસીટી સ્કુલ |
| ૧૯. | જહાન્વી આર. શાહ | ૫૬૦ | સેંટ ઝેવિયર્સ |
| ૧૯. | ઓમ સુનિલ પટેલ | ૫૬૦ | સ્કુલ ઓફ એચીવર |

● ઉપરના ફોટોગ્રાફ આ જ ક્રમ પ્રમાણે ગોઠવેલ છે.

Gandhinagar International Public School
Science Commerce Arts
Admission Open
❖ નર્સરીથી ધોરણ - ૧૨ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
❖ કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
❖ હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ્
100% Result in English Medium & 90% in Gujarati Medium
SSC ના વિદ્યાર્થીઓને અભિનંદન




ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ
Gandhinagar-Mansa highway Randheja, Gandhinagar - 382620 Phone No : 07923976821-22-23
Cell : 9925017160, 9925040733 Web : www.gipschools.com E-mail : gips.school@yahoo.com
Education means participation not competition

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com